Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-2, September-2021

# ‘પન્નાલાલ પટેલની વાર્તાકલા’ (પસંદગીની વાર્તાઓના સંદર્ભે)

## કવિષા કરશનભાઈ પટેલ

(M.A, B.Ed, M.Phil & Ph.D Pursuing) Email Id- kavishapatel27@yahoo.com

***સારાંશ :-*** *પાત્રોને સંકુલ પરિસ્થિતનો ભોગ બનાવી,તેમના ચરિત્રોની ગતિવિધિ આલેખવી એ પન્નાલાલની તમામ વાર્તાઓમાં બને છે. તેની માત્ર ઓછી વધતી થતી રહે છે. પણ ‘વિશિષ્ટ પરિસ્થિતી વત્તા વિશિષ્ટ મનોવ્યાપારો’એ પન્નાલાલનું લક્ષ્ય રહે છે.એમની યાશોદા વાર્તા ‘વાત્રકને કાંઠે’માં વાર્તાકલા તેના શ્રેષ્ઠતમ સ્વરૂપે પ્રગટી છે. વાર્તાનાયિકા નવલને તેના બંન્ને પતિઓ વહાલા છે,નદીને જેમ બંને કાંઠા સરખા હોય તેમ,એ સમસ્યા નથી. સમસ્યા સર્જાય છે. ચોક્કસ પરિસ્થિતિ અને બનાવોના પૂર્વ-અપર ક્રમને કારણે.પન્નાલાલને વિદેશી સાહિત્યનો પ્રત્યક્ષ નહીં તોય પરોક્ષ પરિચય હશે જ એવી પ્રતીતિ ‘વાતવાતમાં’ અને ‘વાત્રકને કાંઠે‘ જેવી વાર્તાઓથી થાય છે. ‘વાતવાતમાં ‘એ ગી દ મોપાસાની ‘નેકલેસ’વાર્તાનો સંદર્ભ લેવાયો છે. તો ‘વાત્રકને કાંઠે‘માં ટોમસ હાર્ડી ની ‘ટેસ ઓફ ધુબરવિલે’નો પ્રસ્તાવ વરતાય છે. હાર્ડી ની ઘણીખરી કૃતિમાં વેસેક્સનું વાતાવરણ નિર્ણાયક ભાગ ભજવે છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *પતિ-પત્ની , સંયોગ અને મિલન.*

---

**પ્રસ્તાવના :-**

‘સર્જકશક્તિ એ માનવ પ્રયત્નથી ઉપરની વસ્તુ છે. ભગવાનની કરુણાથી જ એ પામી શકાય અન્યથા નહિ’ એમ કહેનાર પન્નાલાલ એક ઉત્તમ કોટિના સર્જક છે. ગુજરાત, ભારતમાં રજુ કરી શકે એવા ગણતરીના સાહિત્ય સર્જકોમાં એક પન્નાલાલ છે.પન્નાલાલ પટેલને ‘જ્ઞાનપીઠ પુરસ્કાર’ મળેલ છે.એનાથી ગુજરાતી સાહિત્ય ગૌરવવંતુ છે. બીજાં ઘણાં ચંદ્રકો અને પારિતોષિકો મેળવનાર આ સર્જકની જીવનકથા અન્ય સર્જકો કરતાં જુદી છે.એમના સર્જનને ઘડનારી કોઈ પરિસ્થિતિ નહોતી.અમદાવાદમાં મજૂરી અર્થે આવેલ માંડ માંડ અંગ્રેજી ચાર ચોપડીનો અભ્યાસ,કયારેક મિલમાં,તો કયારેક દારૂની ભઠ્ઠી પર, તો કોઈ જગાએ ગુમાસ્તાનું કામ કરવાનું. માંડ પેટિયું રળવાનું.એવી પરિસ્થિતિમાં સાહિત્યની તો વાત જ કયાં ? છતાંય ગુજરાતી સાહિત્યની સૌભાગ્યની પળે સર્જક પન્નાલાલનો જન્મ થયો .એ ઘટના ચમત્કાર ગણી શકાય.

**‘વાત્રકને કાંઠે‘** :-

વાર્તાના આરંભે જે વર્ણન આવે છે તેના ગેરુઆ રંગનો અને ગુલાલનો ઉલ્લેખ આવે છે. ગુલાલ એ સંયોગનું, મિલનનું ,ઉત્સવનું સૂચક છે,અને પછી ગેરુઆ રંગનો નિર્દેશ ત્યાગનું,વૈરાગ્યનુ સૂચન કરે છે. વર્તાનાયિકાના જીવનમાં આ દિવસ મિલન અને વિયોગ ,ગુલાલ અને ગેરુ બંન્ને સાથે લાવનારો છે . હાર્ડીની ‘ટેસ ઓફ ધુબરવિલે’ ની નાયિકા ટેસ માટે કહેવાયું છે કે life offers to Deny’એટલે કે સુખ જ્યારે મળે છે.ત્યારે તમે તેને સ્વીકારવાની સ્થિતિમાં નથી હોતાં અને તમારે ના પાડવી પડે છે. નવલના બારણે તેને વર્ષો પૂર્વે કારણસર છોડીને ચાલી ગયેલા બંને પતિઓ આવે છે.ત્યારે મુખી ના દીકરાના ખૂનના ગુનાસર પકડાઈ જવાની બીકથી ભગાડી દેવા માંગે છે.જ્યારે બંને પૂર્વ પતિઓ નવલની પસંદગી જાણી લઇ નવલ સાથે રહેવા માંગે છે.પણ ગમે તે રાહે પોલીસ પકડી જ જવાની છે .પણ બંન્ને

જણ પોલીસમાં પકડાઈ જવાની તૈયારી બતાવે છે.પોલીસ જેને પકડી જાય એ સાચો એવો નિર્ણય કરે છે.(જો કે,સાચા ખૂની,લંગડાને તે માન્ય નથી) પોલીસ બંને ને પકડી જાય છે તેથી નવલને બંને માટે દુઃખ થાય છે અહીં લેખકે નવલને વાત્રક સાથે પોતે થઈને સરખાવી છે કે ,'નવલને – વાત્રકને એના ડાબા–જમણા કાંઠા માટે પક્ષપાત હોય',એને તો ડાબી ફૂટે તોય ને જમણી ફૂટે તોય, આંખ તો પોતાની જ હતી ને'!

આમ ,આ તબક્કે તે બંને માટે સરખી લાગણી ધરાવે છે ,પણ ત્યાર પછી છ-માસ પછી એની માનસિક સ્થિતિ બદલાઈ જાય છે ,જ્યારે ખૂની નિર્દોષ છૂટે ને નિર્દોષને સજા થાય છે ત્યારે નવલને છૂટી ગયેલા માણસ કરતાં સજા પામેલા માણસ માટે વધુ પક્ષપાત જન્મે છે.

પહેલી વાર બંને માટે સમાન ભાવ જેટલો સ્વાભાવિક હતો એટલો જ સ્વાભાવિક નિર્દોષ છતાં સજા પામેલા માણસ માટેનો બીજી વાર નો પક્ષપાત પણ છે. નવલના વર્તનની આ પરસ્પર વિરોધી સ્થિતિઓને પણ લેખકે જસ્ટીફાય કરી આપી છે , પરિસ્થિતિ ના બળે .પહેલીવાર બંને માટે સમાન ભાવ ધરાવતી નવલ માટે એકને ઓછો બીજાને વધતો ગણવાનું કશું કારણ નહોતું, પણ બીજીવાર નિર્દોષ છતાં સજા થઇ માટે પહેલીવારના પતિ તરફ સહાનુભૂતિ વધી જાય એ સાવ સ્વાભાવિક છે . આમ, એક આકસ્મિક બાબત નવલના ભાવપલટામાટે જવાબદાર બને છે .વાર્તાના અંત માટે પણ જવાબદાર આવી આકસ્મિકતા જ causalities બને છે. એ નોધવું જોઈએ:

- નિર્દોષ જન્મટીપની સજા પામ્યો છે એ સમાચાર જાણ્યા પછી ઘરબહાર નીકળી પડેલી નવલ 'ઓશિયાળી આંખે ચોપાડમાં બેસી રહેલા લંગડા પતિની ભાંગેલી સિકલ સામે ' જોયા વગર ,સડસડાટ ટેકરી ઉતરી પડે છે એ આકસ્મિકતા છે ,પણ મહત્વની છે ,કેમકે લંગડા પતિની આંખો અને ચહેરાના ભાવ જો નવલે એકાદ વાર પણ જોયા હોત તો કદાચ અટકી ગઈ હોત ,એવા હતા.
- લંગડો પતિ પણ , નવલ પ્રથમ પતિને સંભારીને રડે છે એ જાણતો નથી તેથી તેની પાછળ આવે છે.પણ નવલને ,પ્રથમ પતિને જ યાદ કરીને રડતી જોઈ ,પોતે કોર્ટમાં કરેલા બયાનની વાતો તે કરી શકતો નથી ,એટલે નવલને મન તો તે ગુનેગાર જ રહે છે અને સહાનુભૂતિ ગુમાવે છે .પોતે નવલનું પ્રિતી પાત્ર નથી રહયો તેથી નવલને છોડીને ચાલી જાય છે .

**'ચીતરેલી દીવાલો'** :-

પન્નાલાલની સંખેડા ઉતાર સુગ્રથિત વાર્તાઓમાં 'ચીતરેલી દીવાલો 'સ્થાન પામે છે.'વાત્રકને કાંઠે'માં સંધ્યાનાં ગેરુઆ અને ગુલાલ રંગોનું વર્ણન વિયોગ અને મિલનની ઘટનાઓ ના અણસાર આપે છે,તેમ આ વાર્તામાં પણ 'પૃથ્વી ઉપર રહી ગયેલો પ્રકાશ હથિયાર હેઠા મૂકી અંધારાને આધીન થતો જતો હતો' જેવું પ્રારંભિક વર્ણન જાણે કે,પતિ-પત્ની ના ગજગ્રાહના વાર્તામાં આવતા વૃતાંતમાં અંતે થતા પતિના વિજયનું સૂચન કરતું લાગે છે.પ્રકૃતિના વર્ણનથી વાર્તાનો પ્રારંભ થતો હોય તેવી કૃતિઓ એકથી વધુ મળે,પણ તેનામાં આવાં વર્ણનો કૃતિની કોઈ વિગત સાથે સંલગ્ન હોય છે એ નોંધવું જોઈએ .

વાર્તામાં પતિનું નામ છે રાજમલ,પણ એની પત્નીનુ નામ અપાયું નથી .ફક્ત 'પત્ની' તરીકે જ નિર્દેષ થયો છે.જનપદ સમાજમાં જેને ઘેર મહેમાન એની પ્રતિષ્ઠા વધારે.રાજમલ માણસ ભૂખ્યો છે,પણ એની પત્નીને મહેમાનનો 'મ' પણ ગમતો નથી છતાં પત્ની ની ઉપરવટ જઈને રાજમલ મહેમાનોને ઘેર તેડી લાવે એવો છે ! રાજમલને બહારના ભભકાની સાથે જ હૃદય ની લાગણી પણ અપેક્ષિત છે એનું ઘર ચીતરેલી ભીંતો વાળું છે.એને અનુલક્ષીને તે કહે છે કે.'ભીંતો જુઓ તો ચીતરેલી,ઘર જુઓ તો સાફસુફ ને બાઈ જુઓ તો એય રૂપાળી હતી.પણ ભાઈ ,આ બધું જોઇને અમે જઈ બેઠા તો ખરા પણ......
પણ હૃદયનો પરમે નહોતો એવું કહ્યા વગર સૂચવી દીધા બાદ લેખક ઉમેરે છે કે, 'નામ મોટા ને દર્શન ખોટા '.....

પત્ની સાથે મહેમાન બાબતે દરવખતે ઝગડો માંડતો રાજમલ આ વખતે નવી જ યુક્તિ – પત્નીને સુધારવા અજમાવે છે .નિસરણી મુકીને,દીવાલ પર ચીતરેલા મોરને ભુંસવા લાગ્યો.અહીં એક સરસ વાક્ય આવે છે કે 'મોરનાં પીંછા કાઢીને ઢેલ બનાવે છે,'વાસ્તવમાં ઢેલ-પત્નીને ,મોર–પતિના જેવી બનાવી રહયો છે .એ બુત્ક્રમ પણ આસ્વાધ છે.પતિનો મિજાજ કળી ગયેલી પત્ની તરત પતિ સાથે સંમત થઇ જાય છે અને કહે છે કે, 'ચીતરેલી ભીંતો ભલે બોલાવતી 'વાર્તાનો અંત દંપતીના મનમેળ થી સુખદ બને છે.અમુક ગ્રામસમાજોમાં મહેમાનગતિનુ કેટલું મહત્વ છે તે વાત હળવાશ થી રજૂ થઇ છે.

**ઉપસંહાર :-**

પન્નાલાલ એક એવા વાર્તાકાર હતા, જેઓ વ્યક્તિની વાત કરે છે ત્યારે પણ એ વ્યક્તિ કોઈ Isolated એવું ચરિત્ર ધરાવતી entity નથી,પણ વ્યાપક સામાજિક સંદર્ભો ધરાવતી પ્રતિનિધિરૂપ વ્યક્તિ છે,એમના પાત્રોને વિશે જે કોઈ ઘટનાઓ બને છે તે સામાજિક સંદર્ભોનું સીધું પરિણામ છે.સામાજિક સંદર્ભ એક એવું પરિબળ છે કે, જેને હટાવી લઈએ તો વાર્તાની ઘટના સંભવે જ નહીં.

**સંદર્ભસૂચિ :-**

**૧. 'જાનપદી નવલકથાકાર પન્નાલાલ ': ડૉ.લલ્લુભાઈ બી.પટેલ**
**૨. 'પન્નાલાલ પટેલ' :પ્રમોદકુમાર પટેલ,ગુજરાતી ગ્રંથકાર શ્રેણી**
**૩. 'પન્નાલાલ પટેલ' : રઘુવીર ચૌધરી,સાહિત્યકાર એકાદમી દિલ્હી**
**૪. પન્નાલાલ પટેલ : સર્જક પ્રતિભા' : ડૉ.રમેશ એમ.ત્રિવેદી**